# શહેરમાં ધોમધખતા તાપમાં મિલ્કતવેરાની લાઈનો

## ધોમધખતા તાપમાં નગરજનો કલાકો સુધી લાઈનમાં અટવાયા : ગોકળગાયની ગતિએ ચાલતી કામગીરીથી જનતા નારાજ



ગાંધીનગર, તા. ૧૨
ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસમાં મિલ્કતવેરો ભરવા માટે ધોમધખતા તાપમાં નગરજનોને હાલાકી વેઠવી પડી રહી છે. શહેરીજનોને આટલી ગરમીમાં લાઈનોમાં ઉભું રહેવાનો વારો આવ્યો છે. સેક્ટર પ્રમાણે પ્રોપર્ટી ટેક્ષ ભરવાના કેન્દ્રો બંધ કરી દેવાતા પ્રજાને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઉપરાંત હંમેશની જેમ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટમાં પ્રોપર્ટી ટેક્ષ ભરવાની સુવિધા ન મળવાના કારણે નગરજનોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ગાંધીનગર મનપા દ્વારા શરૂ કરાયેલા કાઉન્ટરોમાં અવારનવાર સર્વર ડાઉન થવાની સમસ્યાઓ રહેતી હોય છે. જેમાં આ પ્રોપર્ટી ટેક્ષ ભરવાના કાઉન્ટરોમાં પણ ખરા સમયે જ સર્વર ડાઉન થવાના કારણે સમગ્ર કાર્યવાહી ખૂબ જ ધીમી ગતિએ ચાલી રહી છે. આ ગોકળગાયની ગતિએ ચાલતી કામગીરીથી શહેરની જનતાને પરેશાની વેઠવી પડી રહી છે. એક તરફ ગરમીનો પ્રકોપ તેમાં પણ સિનિયર સિટિઝનોને કલાકો સુધી લાઈનમાં ઉભું રહેવાનો વારો આવતા ગાંધીનગર મનપાની કામગીરી ઉપર રોષ વ્યક્ત કર્યો હતો. ગાંધીનગર મ્યુનિસિલ કોર્પોરેશનની વેબસાઈટ ઉપર જો સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે તો જનતાને કલાકો સુધી આ રીતે ગરમીમાં હેરાનગતિ સહન કરવાની ન રહે. ઓનલાઈન માધ્યમ દ્વારા હવે તો મોટાભાગની કામગીરીઓ થાય છે ત્યારે આ બાબતે ગાંધીનગર મનપાએ જનતા માટે યોગ્ય સુવિધા કરવી જ જોઈએ. પોતાના કામકાજ અને નોકરીમાંથી સમય કાઢીને જનતાને કલાકો સુધી પ્રોપર્ટી ટેક્ષ ભરવા માટે લાઈનમાં ઉભુ રહેવુ પડે છે. તેમાં પણ સર્વર ડાઉન જેવી સમસ્યાઓ બનતા નાગરિકોનો સમય વેડફાઈ રહ્યો છે. પાંચ દસ મિનિટમાં આવું એમ કહીને નીકળેલા નાગરિકો બે-ત્રણ કલાકે પાછા જાય છે. સ્માર્ટસીટી બનતા ગાંધીનગરમાં જનતાને સ્માર્ટવર્ક મળી રહ્યું હતું. તેથી શહેરના નાગરિકો આ ગોકળગાય ગતિએ ચાલતી કામગીરી પ્રત્યે રોષ વ્યક્ત કર્યો હતો.

# પીએસઆઈની મુખ્ય પરીક્ષાની તારીખ જાહેર

## ૫ જૂનથી કોલલેટર ડાઉનલોડ કરી શકાશે : મુખ્ય પરીક્ષા ૧૨ અને ૧૯ જૂનના રોજ લેવામાં આવશે

અમદાવાદ, તા.૧૨
પોલીસ ભરતી બોર્ડ દ્વારા PSIની મુખ્ય પરીક્ષાની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. PSIની મુખ્ય પરીક્ષા ૧૨ જૂન અને ૧૯ જૂન એમ બે દિવસ માટે યોજાશે. અને આ માટેના કોલલેટર ૫ જૂનથી OJASની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે. PSI રિક્રુટમેન્ટ બોર્ડ તારીખોની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. તમને જણાવી દઈએ કે, PSIની મુખ્ય પરીક્ષા ગાંધીનગરમાં યોજાશે.

ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલાં જ પોલીસ ભરતી બોર્ડ દ્વારા ૧૮૩૨ જગ્યાઓ માટે પ્રિલિમનરી પરીક્ષાનું પરીણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૯૩૯ પુરુષ ઉમેદવારો મુખ્ય પરીક્ષા માટે ક્વોલિફાય થયા હતા, જયારે કુલ ૧૩૧૩ મહિલા ઉમેદવારો મુખ્ય પરીક્ષા માટે ક્વોલિફાય થઈ હતી.



બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના વાઈસ ચેરમેન શ્રી કરણસિંહ બી વાઘેલા એડવોકેટએ મિરઝાપુર અમદાવાદ કોર્ટેમાં તેમના કે.બી. વાઘેલા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ તરીકે ગરમીમાં ઠંડા પાણીની પરબ માટે જમ્બો વોટર કૂલર અને આર ઓ પ્લાન્ટ જાહેર સેવાર્થે ભેટ આપવામાં આવ્યો જેમાં અમદાવાદ ડિસ્ટીક્ટ એન્ડ સેશન જજ શ્રી ડી એમ વ્યાસ સાહેબના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું જેમાં અમદાવાદ જીલ્લા બાર એસોસિયેશનના પ્રમુખ રાજેશ પારેખ અને કારોબારી સભ્યો, પરેશ વાઘેલા મેમ્બર બી સી જી, સરકારી વકીલ અને તમામ વકીલ મિત્રો હાજર રહ્યા હતા. અસહ્ય ગરમીમાં કરણસિંહ વાઘેલા કૂલર આરઓ પ્લાન્ટની દાન કરવાની સેવા કામગીરી ને વધાવી લઈ તેમનો આભાર માનવામાં આવ્યો

# શહેરમાં ગરમીનો પ્રકોપ યથાવત : પારો ૪૪.૯ ડિ.સે.

## આખો દિવસ ગરમ લુ ફૂંકાતી રહી : આકરી ગરમી અને તાપથી બચવા વસાહતીઓ ઘરમાં જ પુરાઈ રહ્યા : માર્ગો સુમસામ બન્યા



ગાંધીનગર, તા. ૧૨
ગાંધીનગરમાં આકરી ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. મહત્તમ તાપમાન ગઈકાલ કરતા ભલે એક ડિગ્રી જેટલુ ઓછુ નોંધાયુ હોય પરંતુ આખો દિવસ ગરમ લુ ફુંકાતા વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. સતત લુ ફુંકાતા તેની અસર જનજીવન પર જોવા મળી હતી. ઉનાળો હાલમાં જાણે સૌની સહનશક્તિની પરીક્ષા લઈ રહ્યો હોય એમ વધુને વધુ આક્રમક બની રહ્યો છે. આકરો તડકો અને સતત ફૂંકાતી લુ ના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ છે.સવારથી જ તડકો આકરો બને છે. સવારે નવ વાગે તો તડકો એટલો આકરો બની જાય છે કે ઘરની બહાર નીકળવુ પણ મુશ્કેલ બની જાય છે. સવારે દસથી સાંજે પાંચ વાગ્યા સુધી તડકો ખુબ જ રહેતા વસાહતીઓ ઘરમાં જ પુરાઈ રહેવાનું પસંદ કરે છે. બજારો પણ એકદમ સુમસામ બની રહે છે. છેલ્લા બે દિવસથી હીટવેવની અસર રહેતા વસાહતીઓએ બહાર નીકળવાનુ ટાળ્યુ હતુ. એસી અને કુલર આખો દિવસ ચાલુ રહ્યા હતા. સતત ફુંકાતી લુની અસર સૂર્યાસ્ત બાદ પણ જોવા મળી હતી. છેક મોડી રાત સુધી લુ ફૂંકાતી રહી હતી. દિવસ દરમ્યાન જો ઘરની બહાર નીકળવુ અનિવાર્ય હોય તો દ્વિચક્રી વાહનચાલકો અને રાહદારીઓ માથે રૂમાલ, ટોપી કે સ્કાર્ફ બાંધીને નીકળ્યા હતા. જરૂરી હોય તેવા કામકાજ પણ વસાહતીઓએ સાંજ થવા સુધી ટાળ્યા હતા. ગઈકાલે દાયકાનો સૌથી ગરમ દિવસ રહ્યા બાદ આજે તાપમાનમાં સહેજ ઘટાડો નોંધાયો હતો. મહત્તમ તાપમાન ગઈકાલે ૪૫.૮ ડિ.સે. રહ્યા બાદ આજે તેમાં એકાદ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો હતો અને પારો ૪૪.૯ ડિ.સે. પર અટક્યો હતો. સાથે જ લઘુત્તમ તાપમાન પણ ગઈકાલ કરતા એક ડિગ્રી ઓછુ રહ્યુ હતુ. જોકે પારો ભલે એકાદ ડિગ્રી જેટલો ઘટ્યો હોય પરંતુ ગરમી અને લુ માં કંઈ ખાસ ફરક પડ્યો ન હતો. આખો દિવસ નગરજનો આકરી ગરમીમાં પરેશાન થતાં જોવા મળ્યા હતા.

ખાસ કરીનો ખુલ્લામાં રહેતા શ્રમજીવીઓ અને કામદારો ગરમી અને તડકામાં પરેશાન થતા જોવા મળ્યા હતા. ઠંડા પીણાની દુકાનો અને બરફગોળા અને શેરડીના રસના કોલા પર ભીડ જોવા મળી હતી. હજુ એકાદ-બે દિવસ આવી જ આકરી ગરમી વસાહતીઓએ સહન કરવી પડશે.

# ચૂંટણી પ્રચારના ઉત્સાહમાં વાણી વિલાસનો અતિરેક

## ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ તમામ રાજકીય પક્ષોમાં અસભ્ય ભાષાનો ઉપયોગ વધવા પામ્યો : ગુજરાતની સંસ્કૃતિને નીચી દેખાડતા શબ્દોનો ઉપયોગ તાત્કાલિક બંધ થવો જોઈએ

ગાંધીનગર, તા.૧૧
આ વર્ષ ગુજરાતના રાજકારણમાં અત્યંત મહત્વનું છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી આ વર્ષે યોજાવાની હોવાથી તમામ રાજકીય પક્ષો અત્યારથી જ તૈયારીમાં લાગી ગયા છે. જો કે જાહેર ભાષણમાં નેતાઓની જીભ વારંવાર લપસી પડે છે અને ન શોભે તેવા શબ્દો અન્ય પક્ષોના આગેવાનો માટે વાપરે છે. રાજકારણમાં રહીને જાણે આવા શબ્દો વાપરવાનો પરવાનો મળી ગયો હોય તેમ રાજકીય આગેવાનો બેફામ બની રહ્યા છે. ગુજરાતની સંસ્કૃતિને લજવતા આવા નેતાઓની જીભ પર લગામ કસવી જરૂરી બની ગઈ છે.

ગુજરાતનું રાજકારણ દિવસે દિવસે ગરમાતું જાય છે. વર્ષના અંતે યોજાનારી ચૂંટણીઓની તૈયારીઓ અત્યારથી જ શરૂ થઈ ચુકી છે. ભાજપ, કોંગ્રેસ અને આપ દ્વારા વિવિધ રાજકીય કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. રાજકીય આગેવાનોની સભાઓ ઠેર ઠેર યોજાઈ રહી છે.

**સમયસર**

છેક ગ્રામ્ય વિસ્તારો સુધી જઈને તેમના પ્રશ્નો સાંભળવામાં આવી રહ્યા છે. શાસક પક્ષ દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મુકીને મતદારોને આકર્ષવાના પ્રયાસો થઈ રહ્યા છે. રાષ્ટ્રીય કક્ષાઓના નેતાઓના આંટાફેરા વધી ગયા છે. રાજકીય પક્ષો દ્વારા કરાતા પ્રચારમાં કંઈ ખોટું નથી પરંતુ રાજકીય આગેવાનો અને નેતાઓ દ્વારા જાહેર મંચ પર કરવામાં આવે તો અસભ્ય ભાષાનો પ્રયોગ જરાય ચલાવી લેવાય તેમ નથી. ગાળો કહી શકાય તેવી ભાષાનો ઉપયોગ રાજકીય આગેવાનો કરે છે. વિવિધ પક્ષના નેતાઓનો તેમાં સમાવેશ થાય છે. નેતાઓની વારંવાર લપસતી જીભ એક ગુજરાતી તરીકે આપણને શરમમાં મુકે છે. ગુજરાતની સંસ્કૃતિને નીચી દેખાડતા અને તેને લાંછન લગાડતા શબ્દોનો ઉપયોગ તાત્કાલિક બંધ થવો જોઈએ. ગુજરાતની અસ્તમિતાનો આપણે ગર્વ લઈએ છીએ તો શું આવા શબ્દોનો ઉપયોગ આપણી અસ્મિતા છે? જે નેતાઓ આપણું નેતૃત્વ કરે છે તેમની ભાષા આવી હોય ? વારંવાર ભાન ભૂલતા નેતાઓને સબક શીખવાડવાની આપણી ફરજ નથી? ગુજરાતની સંસ્કૃતિને સરેઆમ નીચી દેખાડતા રાજકીય નેતાઓને ઠમઠોરવા જરૂરી છે. નહીં તો ચૂંટણી સુધી જાહેર મંચ પરથી આપણે કેવા કેવા શબ્દો સાંભળીશું તેની તો કલ્પના પણ કરી શકાય તેમ નથી.

# આશીર્વાદરૂપ : મનપાનો ટોલ ફ્રી નંબર

## કુલ ફરિયાદોના ૯૬ ટકા જેટલી ફરિયાદોનું નિરાકરણ લાવતું પાલિકાતંત્ર : અત્યાર સુધી ૨૬૯૯ ફરિયાદો નોંધાઈ અને ૨૬૧૧ જેટલી ફરિયાદો ક્લોઝ થઈ

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ડિસેમ્બર મહિનાની ૨જી તારીખે ટોલ ફ્રી નંબર ૧૮૦૦૧૦૮૧૮૧૮ લોન્ચ કરવામાં આવ્યો હતો. આ ટોલ ફ્રી નંબર ઉપર શહેરીજનો નાની-મોટી ફરિયાદો અને સમસ્યાઓ અંગે જાણ કરે છે. જેમાં ગાંધીનગર સમાચારે આ ટોલ ફ્રી નંબર પર મળતી ફરિયાદો અંગેની ચકાસણી કરી છે અને તેના ચોક્કસ આંકડા રજૂ કર્યા છે. અત્યાર સુધી આ ટોલ ફ્રી નંબર ઉપર ૨૬૯૯ ફરિયાદો આવી છે. જેની સામે ૨૬૧૧ ફરિયાદોનું નિવારણ આવી ચૂક્યું છે. જ્યારે ૮૮ જેટલી ફરિયાદો અંડર પ્રોસેસ છે. ટોલ ફ્રી નંબરના સરવૈયાની જો વાત કરવામાં આવે તો પ્રથમ બે માસમાં કુલ ફરિયાદોના માત્ર ૧૮ ટકા જ ફરિયાદોનું નિરાકરણ આવતું હતું. જ્યારે પાંચ મહિનાના અંતરે ફરિયાદોનો સફળતાનો દર હવે ૯૬ ટકાએ પહોંચી ગયો છે. જ્યારે માત્ર પાંચથી છ ટકા જેટલી ફરિયાદો જ હાલ અંડર પ્રોસેસમાં છે. આમ જોવા જઈએ તો છેલ્લા ત્રણ મહિનમાં સી.એમ. ત્રિવેદી (ડેપ્યુટી) મ્યુનિસિપલ કમિશનર)ના માર્ગદર્શન હેઠળ ત્વરિત સમસ્યાનું નિરાકરણ કરવામાં આવે છે જેમાં જનસંપર્ક અધિકારી અને તેમની ટીમ દ્વારા ઝડપથી કામગીરી કરવામાં આવે છે.




### ગટર-પાણીની ફરિયાદો પાટનગર યોજનાને મોકલવામાં આવે છે

આ ટોલ ફ્રી નંબર ઉપર ગટર-પાણીની જે ફરિયાદો નોંધવામાં આવે છે તે તમામ ફરિયાદો પાટનગર યોજના ઓફિસમાં મોકલી આપવામાં આવે છે. કારણ કે ગટર અને પાણીની વ્યવસ્થા ગાંધીનગરમાં પાટનગર યોજના દ્વારા કરવામાં આવે છે. પાટનગર યોજનાને ફરિયાદો ફોરવર્ડ કર્યા બાદ મહાનગરપાલિકાના ટોલ ફ્રી ડિપાર્ટમેન્ટમાં તે ફરિયાદ ક્લોઝ કરવામાં આવે છે.

શહેરીજનોએ આ ટોલ ફ્રી નંબર દ્વારા સૌથી વધારે સેનીટેશન, પાણી-ડ્રેનેજ અંગેની ફરિયાદો કરી છે. ગાંધીનગરમાં નાગરિકોને બેઝિક સગવડો મળી રહે તે અનિવાર્ય છે. તે માટે જીએમસી દ્વારા પ્રયાસો કાર્યરત પણ છે. નવા ગાંધીનગરમાં સમાવિષ્ટ વિસ્તારોમાં હજી ગણી બધી બેઝિક પાયાની જરૂરિયાતો મળી રહી નથી. કોર્પોરેશન દ્વારા દરેક વિસ્તારમાં પાયાની જરૂરિયાતો મળી રહે તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. એક સમયે નાગરિકોની ફરિયાદોનું કોઈ વજૂદ જ નહોતુ. નાગરિકોના પ્રશ્નોનો કોઈ નિરાકરણ થતું નહોતુ તેવામાં નાગરિકો પરેશાન બની જતા હતા. ખાસ કરીને પાણી અને ગટરની ફરિયાદોને લઈને નગરજનો ટલ્લે ચડતા હતા. જેની સામે હવે નાગરિકોને આ ટોલ ફ્રી નંબર મળતા સમસ્યાઓ અને તેનો ઉકેલ પણ થઈ રહ્યો છે પહેલા નાગરિકોને કોર્પોરેશન અને પાટનગર યોજના વચ્ચે ખો આપવામાં આવતી હતી. કોર્પોરેશનની વેબસાઈટ, મેઈલ તથા સોશિયલ મિડીયામાં આવતી કોમેન્ટ કે મેસેજની નોંધ લેવામાં આવે છે જે માટે જનસંપર્ક વિભાગ ખૂબ સક્રીય ભૂમિકા ભજવું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

### મનપા દ્વારા ફરિયાદોનો નિકાલ

| ડિપાર્ટમેન્ટ | ટોટલ | ઓપન | ક્લોઝ |
|---|---|---|---|
| એડમીન | ૧૯૮ | ૦ | ૧૯૮ |
| દબાણ | ૭૮ | ૦ | ૭૭ |
| હેલ્થ | ૧૯ | ૦ | ૧૯ |
| અન્ય | ૩૬ | ૦ | ૩૬ |
| સેનીટેશન | ૧૦૨૦ | ૧૧ | ૧૦૦૯ |
| સ્ટ્રીટલાઈટ | ૨૭૨ | ૫ | ૨૫૩ |
| ટેક્ષ | ૨૧ | ૭ | ૧૪ |
| પાણી-ડ્રેનેજ | ૭૯૨ | ૫૭ | ૭૨૩ |
| વૃક્ષ નિકંદન | ૯૯ | ૨ | ૯૭ |
| એનિમલ હેલ્પલાઈન | ૧૯૧ | ૬ | ૧૮૫ |
| ટોટલ | ૨૬૯૯ | ૮૮ | ૨૬૧૧ |